
**અઠવાગેટ મૈસૂર કાફે પાસે નશા માં ધૂત એએસઆઈએ કાર બસ સાથે ઠોકી દીધી**

# ‘હું કોન્સ્ટેબલ નથી, તૈયાર છું’

**આસિસ્ટન્ટ** સબ ઇન્સ્પેક્ટરની કારમાંથી દારૂની બોટલ, પોલીસની વર્દી અને બેલ્ટ મળ્યા

**‘અજય** એચ. પટેલ’ નામની નેમ પ્લેટ અને બક્કલ નંબર ૨૫૫૯ લખેલો હતો








સુરતઃ અઠવાગેટના મૈસૂર કાફે પાસે શનિવારની રાત્રે પોલીસ વિભાગમાં જ ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર (ASI) દારૂના નશામાં ચૂર થઈને પોતાની કાર હંકારી રહ્યા હતા, જે દરમિયાન તેમણે એક બ્લ્યુ બસ સાથે કાર ધડાકાભેર અથડાવી દીધી હતી. જેની જાણ થતા ઉમરા પોલીસ ત્યાં પહોંચી હતી અને પોલીસકર્મીને પીસીઆરમાં બેસાડી પોલીસ સ્ટેશન લઈ રવાના થઈ હતી.

અઠવાગેટના મૈસૂર કાફે પાસે શનિવારની રાત્રે પોલીસ વિભાગમાં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર (ASI) દારૂના નશામાં ચૂર થઈને બ્લ્યુ બસ સાથે પોતાની કાર ધડાકાભેર અથડાવી દીધી હતી.

અકસ્માત બાદ એકઠા થયેલા લોકોએ જ્યારે કારની અંદર તપાસ કરી તો દ્રશ્યો જોઈને સૌ કોઈ સ્તબ્ધ થઈ ગયા કારણ કે કાર ચલાવનાર પોલીસ જ હતી. આ ગાડીમાં પોલીસની એક સ્ટારવાળી વર્દી અને સાથે દારૂની એક બોટલ પણ મળી આવી હતી. વર્દી પર ‘અજય એચ. પટેલ’ નામની નેમ પ્લેટ અને બક્કલ નંબર ૨૫૫૯ લખેલો હતો. એક બેલ્ટ અને વર્દી બુટ પણ મળી આવ્યા હતા.

નશામાં ધૂત એએસઆઈને જોઈને જ્યારે હાજર રાહદારીઓએ ‘આ તો પોલીસ કોન્સ્ટેબલ છે, પોલીસ કોન્સ્ટેબલ છે’ તેમ કહેવાનું શરૂ કર્યું, ત્યારે ભાન ભૂલેલા એએસઆઈએ તોછડાઈ પૂર્વક વળતો જવાબ આપતા કહ્યું હતું કે, ‘હું કોન્સ્ટેબલ નથી... હું કોન્સ્ટેબલ નથી’ એટલું જ નહીં, તે નશાની હાલતમાં સતત ‘હું તૈયાર છું, હું તૈયાર છું’ એવું અસંબદ્ધ રટણ કરતો કેમેરામાં કેદ થયો હતો.

### લોકો મેથીપાક ચખાડે તે પહેલાં ઉમરા પોલીસ દોડી આવી

કાયદાના રક્ષક જ જ્યારે કાયદાના લીરેલીરા ઉડાવતા પકડાતા સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. મામલો બિચકે અને ઉશ્કેરાયેલા લોકો ખાખીધારીને ‘મેથીપાક’ આપે તે પહેલાં જ સદનસીબે સમયસર ઉમરા પોલીસની પીસીઆર (PCR) વાન ઘટનાસ્થળે ધસી આવી હતી. પોલીસે મામલો થાળે પાડી, નશામાં ધૂત એએસઆઈને તાત્કાલિક ગાડીમાં બેસાડીને પોલીસ સ્ટેશન ભેગા કરી દીધા હતા. કાયદાના રક્ષક જ ભક્ષક બન્યા હોય તેવા આ કિસ્સાએ શહેરમાં ભારે ચર્ચા જગાવી છે અને ઉમરા પોલીસે આ મામલે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**સવારે દાખલ, સાંજે ઓપરેશન અને રાત્રે મોત**

# ડિંડોલીમાં પથરીની સર્જરી કર્યા બાદ દર્દીનું મોત થતાં ડૉક્ટર સામે આક્ષેપ

**આક્રોશિત** પરિવારજનોએ મૃતદેહ હોસ્પિટલના ગેટ બહાર મૂકી જવાબદારી નક્કી કરવાની માંગ કરી

સુરતઃ સુરતના ડિંડોલી વિસ્તારમાં આવેલી અનુપમ સર્જિકલ હોસ્પિટલમાં પિત્તાશયની પથરીની સર્જરી બાદ દર્દીનું શંકાસ્પદ મોત થતાં સમગ્ર ઘટનાએ ચર્ચા જગાવી છે. એક તરફ પરિવારજનોએ તબીબની બેદરકારીને મોત માટે જવાબદાર ગણાવી હોસ્પિટલ બહાર મૃતદેહ સાથે વિરોધ નોંધાવ્યો છે, જ્યારે બીજી તરફ સર્જનનું કહેવું છે કે ઓપરેશન સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું અને દર્દીનું મોત અચાનક આવેલા કાર્ડિયાક અરેસ્ટના કારણે થયું હતું.

મળતી વિગતો અનુસાર સચિન વિસ્તારના રહેવાસી ધરમવીરસિંહને પિત્તાશયમાં 10 મીમીની પથરીના કારણે ગંભીર દુખાવો થતાં તેમને ડિંડોલીની અનુપમ સર્જિકલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પરિવારજનોના જણાવ્યા મુજબ હોસ્પિટલમાં દાખલ કરતી વખતે તમામ રિપોર્ટ સામાન્ય હોવાનું જણાવવામાં આવ્યું હતું અને સર્જરીને સામાન્ય પ્રક્રિયા તરીકે રજૂ કરવામાં આવી હતી. જોકે, પરિવારનો દાવો છે કે દર્દીના એક રિપોર્ટમાં લોહીની ઉણપ હોવા છતાં સર્જરી કરવામાં આવી હતી. સાંજે સર્જરી શરૂ થયા બાદ પરિવારને લાંબા સમય સુધી કોઈ સ્પષ્ટ માહિતી આપવામાં આવી નહોતી. રાત્રે ઓપરેશન બાદ અચાનક દર્દીના મૃત્યુના સમાચાર મળતાં પરિવાર આઘાતમાં સરી પડ્યો હતો.

### દર્દી સંપૂર્ણપણે સ્ટેબલ હતો, પછી હાર્ટ અટેક આવ્યો

અનુપમ સર્જિકલ હોસ્પિટલના જનરલ સર્જન ડો. શૈલેષ પટેલે તમામ આક્ષેપોને નકારી કાઢતાં જણાવ્યું કે દર્દીના પિત્તાશયમાં ગંભીર ચેપ અને સોજો હોવાથી તાત્કાલિક સર્જરી કરવી જરૂરી બની હતી. તેમના જણાવ્યા પ્રમાણે લગભગ ત્રણ કલાક ચાલેલી સર્જરી સફળ રહી હતી અને સર્જરી દરમિયાન કોઈ મોટી જટિલતા સર્જાઈ નહોતી. ઓપરેશન બાદ દર્દીના તમામ પેરામીટર સામાન્ય હોવાનું એનસ્થેટિક તબીબે પણ પુષ્ટિ કરી હતી. ડૉક્ટરનો દાવો છે કે દર્દી ભાનમાં આવ્યા બાદ અચાનક કાર્ડિયાક અરેસ્ટનો ભોગ બન્યા હતા. તાત્કાલિક CPR સહિત તમામ જરૂરી સારવાર આપવામાં આવી હતી, પરંતુ તેમનો જીવ બચાવી શકાયો નહોતો.

### ડૉક્ટર જવાબ આપ્યા વિના હોસ્પિટલ છોડી ગયા

મૃતકના સ્વજનોનું કહેવું છે કે સર્જરી પૂર્ણ થયા બાદ ડૉક્ટર હોસ્પિટલમાંથી નીકળી ગયા હતા અને પરિવારને દર્દીની સ્થિતિ અંગે કોઈ સંતોષકારક માહિતી આપવામાં આવી નહોતી. પરિવારનો આરોપ છે કે જો દર્દીની સ્થિતિ ગંભીર હતી તો સમયસર જાણ કેમ કરવામાં આવી નહીં? તેમજ સર્જરી પહેલાં અને પછીની તબીબી દેખરેખમાં કોઈ ખામી રહી હતી કે નહીં તે પણ તપાસનો વિષય છે. આક્રોશિત પરિવારજનોએ મૃતદેહ હોસ્પિટલના ગેટ બહાર મૂકી જવાબદારી નક્કી કરવાની માંગ કરી હતી.

### પેનલ PM રિપોર્ટ બાદ જ સ્પષ્ટ થશે સત્ય

ડિંડોલી પોલીસે સમગ્ર મામલાને ગંભીરતાથી લઈને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવ્યું છે. પોલીસના જણાવ્યા મુજબ હાલ અકસ્માતે મોતની નોંધ કરવામાં આવી છે અને અંતિમ પોસ્ટમોર્ટમ રિપોર્ટ મળ્યા બાદ જ આગળની કાયદાકીય કાર્યવાહી અંગે નિર્ણય લેવામાં આવશે. પેનલ PM રિપોર્ટમાં મૃત્યુનું ચોક્કસ કારણ, સર્જરી પછી કોઈ તબીબી જટિલતા સર્જાઈ હતી કે નહીં અને સારવાર દરમિયાન કોઈ પ્રકારની બેદરકારી રહી હતી કે નહીં તે અંગે મહત્ત્વની વિગતો સામે આવી શકે છે.

# વેડ રોડ પર ફેસબુક પોસ્ટના વિવાદમાં ઘરમાં ઘૂસી માતા-પુત્ર ઉપર હુમલો

**સોશિયલ** મીડિયાની અદાવતમાં આપનાં નેતા અને તેના શિક્ષક પતિએ ઘરમાં તોડફોડ કરી આતંક મચાવ્યો

સુરતઃ વેડ રોડની પ્રિયાપાર્ક સોસાયટીમાં રહેતા એક પરિવારના ઘરમાં ઘૂસીને એક દંપતીએ ભારે આતંક મચાવ્યો હતો. ફેસબુકની જૂની અદાવત રાખીને આરોપી મહિલા અને તેના પતિએ ઘરમાં ઘૂસી યુવક તથા તેની ૫૫ વર્ષીય માતા પર જીવલેણ હુમલો કર્યો હતો. હુમલાખોરોએ આધેડ મહિલાનો ડ્રેસ ફાડી નાંખી, છાતીના ભાગે ધક્કો મારી તેમજ દરવાજામાં હાથ કચડી નાંખી આંગળી તોડી નાંખવાનો પ્રયાસ કર્યો હતો. વેડ રોડ પર નીરુ ફાર્મની બાજુમાં આવેલી સોસાયટીમાં રહેતા મંજુબેન (નામ બદલ્યું છે) (ઉં.વ.૫૫) ઘરકામ કરે છે. ગત ૧૦/૬/૨૦૨૬ના રોજ રાત્રે આઠેક વાગ્યે મંજુબેન અને તેમનો દીકરો રાજન ઘરે હાજર હતાં, ત્યારે આમ આદમી પાર્ટીનાં નેતા ગૌશાલી અને નરેન્દ્ર નામનું દંપતી ધસી આવ્યું હતું. તેમણે રાજન ક્યાં છે? તેમ કહી સીધા જ રાજન પર હુમલો કરી દીધો હતો તેને બચાવવા માતા મંજુબેન વચ્ચે પડ્યાં, ત્યારે આરોપી નરેન્દ્રએ તેમને છાતીના ભાગે જોરદાર ધક્કો મારી નીચે પાડી દીધાં હતાં. જેના કારણે મંજુબેનને નખ વાગ્યા હતા અને તેમનો પહેરેલો ડ્રેસ ઉપરના ભાગેથી ફાટી ગયો હતો. ઉશ્કેરાયેલા નરેન્દ્રએ મંજુબેનનો હાથ દરવાજાના બારશાખમાં રાખીને જોરથી દરવાજો અથડાવ્યો હતો અને બૂમો પાડી હતી કે આ જે તો તારી હાથની આંગળી જ ભાંગી નાંખવાની છે અને તારા છોકરાને મારી જ નાંખવાનો છે. ત્યારબાદ ગૌશાલીએ પણ બે વખત જોરજોરથી દરવાજો પછાડીને મંજુબેનનો હાથ કચડી નાંખી આંગળીઓ તોડી નાંખવાનો પ્રયાસ કર્યો હતો.

ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. પોલીસ મથકે ફરિયાદ નોંધાવતી વખતે જ રાજનની તબિયત લથડતાં તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે માતા-પુત્રને સારવાર અર્થે સ્મીમેર હોસ્પિટલ ખસેડાયાં હતાં. સારવાર બાદ ઘરે પરત ફરેલા મંજુબેનને દીકરા રાજનને પૂછતાં જાણવા મળ્યું હતું કે, રાજન અને આરોપી ગૌશાલી વચ્ચે સોશિયલ મીડિયા ફેસબુક પર પોસ્ટ મૂકવા બાબતે લાંબા સમયથી વિવાદ ચાલતો હતો. આ બાબતે ગૌશાલીએ અગાઉ સરથાણા પોલીસ મથકે રાજન વિરુદ્ધ ગુનો પણ નોંધાવ્યો હતો અને તે ફેસબુક તથા વોટ્સએપ પર બદનામ કરતી પોસ્ટ મૂકતી હતી.

# કેન્સરનો ક્લેમ નકારનાર વીમા કંપનીને લપડાક

**આર્થરાઇટિસની** બીમારી ગ્રાહકે છુપાવી હોવાની વીમા કંપનીની દલીલ ગ્રાહક કમિશને ફગાવી

સુરતઃ ફરિયાદ ડૉ. જીગ્નેશભાઈ પુજારાએ એડવોકેટ શ્રેયસ દેસાઈ, એડવોકેટ પ્રાચી અર્પિત દેસાઈ તથા એડવોકેટ ઈશાન શ્રેયસ દેસાઈ મારફતે સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન સમક્ષ દાખલ કરાવી હતી. ફરિયાદની સુનાવણી ચાલુ હતી તે દરમિયાન ડૉ. જીગ્નેશભાઈ પુજારાનું અવસાન થયું હતું. ત્યારબાદ તેમના કાયદેસરના વારસદારોને ફરિયાદમાં ફરિયાદી તરીકે જોડવામાં આવ્યા હતા. મુળ ફરિયાદીની મોઢાના નીચલા જડબાના ભાગમાં કેન્સરની સારવારનો ક્લેમ વીમા કંપનીએ અગાઉની સોરાયટિક આર્થરાઈટિસની બિમારી છુપાવી હોવાનું કારણ આપી નામંજૂર કર્યો હતો. આ કેસની સુનાવણી કમિશનના પ્રમુખ કે. જે. દસોંદી તથા સભ્ય શ્રીમતી પૂર્વીબેન જોષી સમક્ષ હાથ ધરવામાં આવી હતી. ફરિયાદી તરફે એડવોકેટ શ્રેયસ દેસાઈ, એડવોકેટ પ્રાચી અર્પિત દેસાઈ તથા એડવોકેટ ઈશાન શ્રેયસ દેસાઈએ દલીલો કરતા જણાવ્યું હતું કે Psoriatic Arthritis અને CA Left Lower Alveolus વચ્ચે કોઈપણ પ્રકારનો તબીબી સંબંધ (Medical Nexus) નથી. માત્ર અગાઉ કોઈ બીમારી હોવાના આધારે નવી અને સંપૂર્ણપણે અલગ પ્રકારની બીમારી માટેનો ક્લેમ નકારી શકાય નહીં. બંન્ને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કમિશને તારણ આપ્યું હતું કે વીમા કંપની દ્વારા ક્લેમ નામંજૂર કરવાનો નિર્ણય ગેરવાજબી હતો અને સેવામાં ખામી ગણાવી ફરિયાદ મંજૂર કરીને વીમા કંપનીને રૂ. 3,95,000ની ક્લેમ રકમ વ્યાજ સહિત ચૂકવવાનો આદેશ કર્યો હતો.

**મુંબઈમાં 12 હજાર નશીલી ગોળીઓના જથ્થા સાથે આરોપી ઝડપાતા**

# રિંગ રોડના સન્ની મેડિકલ સ્ટોર ઉપર મુંબઈ સ્થિત નાર્કોટિક્સ પોલીસના દરોડા

**મેડિકલની** આડમાં કાળો કારોબાર કરતાં સ્ટોર માલિક નિલેશ જરીવાલા સહિત 3 કર્મીની ધરપકડ

**મોટી** કમાણી માટે નશાખોરો, ડ્રગ પેડલરોને સપ્લાય કરતો હતો

સુરતઃ રિંગ રોડ પર આવેલા રતન સિનેમા સામેનો જાણીતો ‘સન્ની મેડિકલ સ્ટોર’ સામાન્ય દવાઓની આડમાં યુવાધનને બરબાદ કરતી પ્રતિબંધિત નશીલી ગોળીઓ વેચવાનું મુખ્ય કેન્દ્ર હોવાનો ચોંકાવનારો પર્દાફાશ થયો છે. મુંબઈ નાર્કોટિક્સ પોલીસે મુંબઈથી લાખોના નશીલા પદાર્થો સાથે ઝડપેલા સુરતના આરોપીની પૂછપરછમાં નશીલી ગોળીઓનો આખો જથ્થો આ મેડિકલ સ્ટોરમાંથી ખરીદાયો હોવાનું સામે આવ્યું છે. જેને પગલે મુંબઈ પોલીસની ટીમે સુરત આવી સ્થાનિક પોલીસ સાથે સન્ની મેડિકલ સ્ટોર પર દરોડો પાડી તેના માલિક નિલેશ જરીવાલાની વિધિવત ધરપકડ કરી છે, જ્યારે સ્ટોરના અન્ય ત્રણ કર્મચારીઓને પણ મુંબઈ લઈ જવાયા છે.

અડાજણ સરદાર બ્રિજ પાસે આવેલી પોશ વસંત વિહાર સોસાયટીમાં રહેતો નિલેશ જરીવાલા સન્ની મેડિકલ સ્ટોરની આડમાં છેલ્લા ઘણા વર્ષોથી પ્રતિબંધિત નશીલી ગોળીઓનું ધૂમ વેચાણ કરવામાં પંકાયેલો છે. કાયદેસરની ફાર્મસીના લાઈસન્સની આડમાં નિલેશ જરીવાલા કોઈ પણ જાતના ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન વિના માત્ર મોટી કમાણી કરવાની લાલચે નશાખોરો અને ડ્રગ પેડલરોને આ નશીલી ગોળીઓનો જથ્થો સપ્લાય કરતો હતો.

### કોસાડના ફિરોઝે મુંબઈ પોલીસ સામે ઓક્યું નિલેશ જરીવાલાનું નામ

આ સમગ્ર કાળા કારોબારનો ભાંડો ત્યારે ફૂટ્યો જ્યારે મુંબઈ નાર્કોટિક્સ વિભાગને બાતમી મળી હતી કે સુરતના અમરોલી-કોસાડ આવાસમાં રહેતો ફિરોજ નામનો શખ્સ નશીલા પદાર્થો વેચવા મુંબઈના થાણે આવ્યો છે. પોલીસે દરોડો પાડી આરોપી ફિરોજને ૩ કિલોથી વધુ ચરસ અને ૧૨ હજારથી વધુ નશીલી ગોળીઓ સાથે ઝડપી લીધો હતો. જ્યારે નાર્કોટિક્સ પોલીસે ફિરોજની કડક પૂછપરછ કરી કે આટલી મોટી માત્રામાં પ્રતિબંધિત નશીલી ગોળીઓ ક્યાંથી લાવી રહ્યો છે? ત્યારે તેને કબૂલાત કરી હતી કે આ નશીલી ગોળીઓ તે સુરતના રિંગ રોડ સ્થિત સન્ની મેડિકલ સ્ટોરના માલિક નિલેશ જરીવાલા પાસેથી ખરીદીને લાવ્યો હતો.

### મુંબઈ પોલીસની ટીમે સુરત આવી સન્ની મેડિકલ પર પાડી રેડ

મુંબઈ નાર્કોટિક્સ વિભાગના પી.આઈ. સહિતનો કાફલો તાબડતોબ સુરત દોડી આવ્યો હતો. સ્થાનિક પોલીસને સાથે રાખીને સન્ની મેડિકલ સ્ટોર પર ઓચિંતો દરોડો પાડવામાં આવ્યો હતો અને મુખ્ય સૂત્રધાર એવા માલિક નિલેશ જરીવાલાની ધરપકડ કરી લેવામાં આવી હતી. આ ઉપરાંત, આ ગેરકાયદે વેચાણમાં મદદગારી કરનારા મેડિકલ સ્ટોરના અન્ય ત્રણ કર્મચારીને પણ પોલીસ કસ્ટડીમાં લઈને વધુ તપાસ અર્થે મુંબઈ રવાના થઈ છે.

### નશીલી ગોળીઓના નેટવર્કના મૂળ સુધી પહોંચવા પોલીસ સક્રિય

દવાના વેપારના ઓથા હેઠળ માત્ર કમાણી માટે નશીલી ગોળીઓનું સામ્રાજ્ય ચલાવનારા નિલેશ જરીવાલાના આ કરતૂત બાદ હવે ડ્રગ્સ વિભાગ (FDA) પણ એક્શનમાં આવે તેવી સંભાવના છે. સન્ની મેડિકલ સ્ટોરમાં આટલો મોટો નશીલી ગોળીઓનો જથ્થો ક્યાંથી સપ્લાય થતો હતો, તે દિશામાં હવે મુંબઈ પોલીસ નિલેશ જરીવાલાના રિમાન્ડ મેળવીને ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરશે.

### ફોસ્ટાની ચૂંટણી બિનહરીફ: અંતિમ દિવસે અનુપ જાલાને ફોર્મ પરત ખેંચ્યું

સુરતઃ ફેડરેશન ઓફ સુરત ટ્રેડ એન્ડ ટેક્સટાઈલ એસોસિયેશન (ફોસ્ટા)ની વર્ષ-2026ની ચૂંટણી પ્રક્રિયામાં અંતે કોઈપણ કેટેગરીમાં મતદાન કરવાની જરૂરિયાત જ ઊભી થઈ નથી. ગોલ્ડ કેટેગરીમાં ઉમેદવારી પરત ખેંચવાના અંતિમ દિવસે એક ઉમેદવારે પોતાનું નામ પાછું ખેંચતાં ઉપલબ્ધ બેઠકો જેટલા જ ઉમેદવારો બાકી રહ્યા હતા. પરિણામે ગોલ્ડ કેટેગરીના તમામ ઉમેદવારોને બિનહરીફ ચુંટાયેલા જાહેર કરવામાં આવ્યા છે. ગોલ્ડ કેટેગરીમાં કુલ 8 ઉમેદવારે ઉમેદવારી નોંધાવી હતી. જો કે, ઉમેદવારી પરત ખેંચવાના અંતિમ દિવસે અનુપ જાલાને પોતાનું ઉમેદવારીપત્ર પરત ખેંચી લેતાં ઉમેદવારોની સંખ્યા 7 રહી હતી. ગોલ્ડ કેટેગરીમાં ઉપલબ્ધ બેઠકોની સંખ્યા પણ 7 હોવાથી ચૂંટણીના નિયમો મુજબ મતદાનની જરૂરિયાત રહી નહોતી અને તમામ 7 ઉમેદવારને નિર્વિરોધ વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

# સંતોકબા એવોર્ડથી સમાજના સેવાભાવીઓનું કરાયું સન્માન

**રીમા** નાણાવટી અને ડો. ગુલ્લાપલ્લી એન. રાવ સન્માનિત




સુરતઃ માનવ સેવા, કરુણા અને સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવનારા આગેવાનોને પ્રોત્સાહન આપતા ‘સંતોકબા માનવરત્ન એવોર્ડ’ના 20 વર્ષ પૂર્ણ થતાં સુરતના સંજીવ કુમાર ઓડિટોરિયમ ખાતે ભવ્ય સમારોહ યોજાયો હતો. રામકૃષ્ણ નોલેજ ફાઉન્ડેશન દ્વારા આયોજિત આ સમારોહમાં દેશના વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર યોગદાન આપનારા મહાનુભાવોને સન્માનિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં રાજ્યસભાના ઉપસભાપતિ હરિવંશ નારાયણ સિંહ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિતના અગ્રણીઓએ હાજરી આપી હતી. આ વર્ષે સંતોકબા માનવરત્ન એવોર્ડ જાણીતા નેત્ર ચિકિત્સક અને એલ.વી. પ્રસાદ આઈ ઈન્સ્ટિટ્યૂટના સ્થાપક અધ્યક્ષ પદ્મશ્રી ડૉ. ગુલ્લાપલ્લી એન. રાવ તથા ‘સેવા’ સંસ્થાના ડાયરેક્ટર પદ્મશ્રી રીમા નાણાવટીને એનાયત કરવામાં આવ્યો હતો. બંનેએ પોતાના ક્ષેત્રમાં લાંબા ગાળાના સમાજલક્ષી કાર્ય દ્વારા લાખો લોકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવ્યું છે.

સમારોહમાં પ્રથમ વખત ‘સોશિયલ એન્ટરપ્રિન્યોર એવોર્ડ’ની પણ શરૂઆત કરવામાં આવી હતી. આ એવોર્ડ પર્યાવરણમૈત્રી ઉદ્યોગ અને દિવ્યાંગજનોને રોજગારની તકો પૂરી પાડવા માટે કાર્યરત બોલેન્ટ ઈન્ડસ્ટ્રીઝના સ્થાપક શ્રીકાંત બોલ્લાને અર્પણ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ગોવિંદ ધોળકિયાએ જણાવ્યું હતું કે સંતોકબા માનવરત્ન એવોર્ડ તેમની માતાના કરુણા, પ્રેમ અને નિઃસ્વાર્થ સેવાના મૂલ્યોને સમર્પિત છે. છેલ્લા બે દાયકામાં આ એવોર્ડ દ્વારા સમાજ માટે અસાધારણ યોગદાન આપનારા અનેક મહાનુભાવોને સન્માનિત કરવામાં આવ્યા છે.

### હત્યાની કોશિશ કેસમાં કિશોરની જામીન અરજી ફગાવાઈ

સુરતઃ ઉત્રાણ પોલીસ સ્ટેશને નોધાયેલા હત્યાની કોશીશ કેસમાં જુવેનાઈલ બોર્ડે બાળકિશોર અને સેશન્સ કોર્ટે એક આરોપીની જામીન અરજી ફગાવી દીધી હતી. તા.૧૮/૦૫/૨૦૨૬ના ખેતરમાં સારૂ પાથરવાના હિસાબ બાબતે ટ્રેક્ટરવાળા સાથે ફરિયાદીના ભાઈ નિકુલની સાથે આરોપીની બોલાચાલી થતાં મારી નાંખવાના ઈરાદે નિકુલના માથામાં કડું મારી ગંભીર ઈજા કરી હતી. આ કેસમાં બાળકિશોરે જુવેનાઈલ કોર્ટમાં અને આરોપી વિરામભાઈ ભનુભાઈ ભરવાડએ સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. સરકાર તરફે જુવેનાઈલ બોર્ડમાં એ.પી.પી. વી. જી. પટેલ તથા સેશન્સ કોર્ટમાં એ.પી.પી. એસ. એસ. પાટીલ તથા મૂળ ફરિયાદી તરફે વકીલ રોહન કે. પાનવાલાએ જામીન અરજીનો વિરોધ કરતી દલીલો કરી હતી. જુવેનાઈલ બોર્ડે બાળકિશોરની અને સેશન્સ કોર્ટે આરોપી વિરામ ભરવાડની જામીન અરજી નામંજૂર કરી હતી.


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

**અયોધ્યા/ વારાણસી/**
ચિત્રકુટ/ પ્રયાગરાજ. ટ્રેન/ એસી ટેમ્પો ટ્રાવેલ દ્વારા 3 સ્ટાર કેટેગરી હોટલો/ બ્રેકફાસ્ટ- ડીનર. સાથે યાત્રાનું એક શ્રેષ્ઠ અને વ્યવસ્થિત આયોજન. ઉ. તારીખ:- 18-09-2026. દિવસ- 9. જાણીતું અને અનુભવી નામ બંકીમ મહેતા. (સંપર્ક- 9429507723) JOY N JOY TRAVELS, સુરત.

**(સાગર- 9427113317)**
દમણ, ઉનાઈ સાપુતારામાં નાઈટ, (એસી બસ) શનિ, રવિ

**દર રવિવારે દમણ,**
1100/- રૂપિયા, AC બસ, બે ટાઈમ નોનવેજ, વાડીફળીયાઃ 9484448329

**વ્યવસાયીક ધંધાકીય**

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**નવકાર વોટર પ્રુફિંગ**
25માં વર્ષમાં મંગળ પ્રવેશ જૂના અને જાણીતા લીકેજ ધાબા,ટાવર એપાર્ટમેન્ટ બહારની દીવાલનું ક્રેક ફીલિંગ વગેરે કેમિકલ ટ્રીટમેન્ટ દ્વારા બંધ કરીશું ધીરુભાઈ શાહ M- 7984650600/ 9898993303 (158)

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**મિલ્કત વેચવાની છે**

**જમીન વેચવાની**
નદી કિનારે ૨ વિઘા પિનસાડ ગામ નવસારી 9825109400

**જહાંગીરપુરા**
સંકલ્પ રો હાઉસમાં ઘર વેચવાનું. 9601662923

**ફ્લેટ વેચાણ**
અથવા ભાડેથી આપવાનો છે, A- 301, નીલકંઠ અર્વન્યુ, પાલ પાણીની ટાંકીની બાજુમાં, 3- BHK ફ્લેટ વેચવાનો છે, સંપૂર્ણ હવા ઉજાસ તથા વાસ્તુ અનુરૂપ જૈન મંદિરની બાજુમા. સારી લોકાલીટી, MO: 9327615071

**જમીન વેચવાની છે**
ગામ:-કમલાપોર, તા:ડોલવણ, જિ. તાપી
સોલાર લાયક 66 KV નજીક
15.5 વિંઘા જૂની શરત
નહેરની બાજુમાં ખેતી માટે ઉત્તમ
મો:-9725710000

**દુકાન વેચવાની છે**
પહેલા માળે રોડ કોર્નરની મોકાની 1512- સ્કેવર ફુટની ચાલુ ભાડા સાથે દુકાન વેચવાની છે, A- રોયલ પ્લેટિનમ બિલ્ડિંગ પાલનપુર કેનાલ રોડ પર પાર્કિંગ સુવિધા સાથે, MO: 9327615071

**પ્લોટ વેચવાનો છે**
ઉગત કેનાલ વૈષ્ણોદેવી રોડ પરનો શશાંગ રેસીડેન્સીમાં રોડ ટચનો 195- વારનો પ્લોટ વેચાણથી આપવાનો છે. MO: 9327615071

**Fast Deal**
પાલ, પાલનપુર વિસ્તારમાં કેશ પેમેન્ટમાં પ્રોપર્ટી લે-વેચ માટે મળો
73830 18982
98793 16241

**દુકાન વેચવાની છે**
ઓબેરોન બિઝનેસ હબમાં 725- સ્કેવર ફુટની મેઈન રોડ પર દુકાન વેચવાની છે, પાલ ગૌરવપથ રોડની બાજુમાં, MO: 9327615071

**અડાજણ, ગેસસર્કલ**
વેચવાનું છે બંગલો, હરિશનગર ગેસસર્કલ અડાજણ. ક્રિષ્નાપાર્ક, મોઃ- 9978839011, 9904048757 (149)

**8 x 4**
સાઈઝની 8.mm કોમર્શિયલ પ્લાય, 3x1, દોઢ પાઈનવૂડની પટ્ટી, 4- ઓફિસ ડોર વેચવાના છે, 9909919489

**વેચવાનું છે**
પાર્લેપોઈન્ટ 3 BHK Full Furnished Flat વેચવાનો છે. M- 9737711103

**ફ્લેટ વેચવાનો**
ભીમરાડ, આર્શિવાદ એન્ક્લેવ, 10th Floor, 2 BHK, 1389 ચોરસ ફૂટ 9825146479

**અલથાણ ફ્લેટ**
વેચવાનો. ક્રીમસન પેલેસ 4 BHK, ફુલ ફર્નિશ્ડ, 3520 સ્કે. ફૂટ, 3rd Floor. 9825146479

**લગ્ન વિષયક**

**કર્ણાવતી મેરેજ બ્યૂરો**
બાયોડેટા આપી વિનામૂલ્યે વોટ્સએપ ગૃપમાં જોડાઓ. પસંદગી માટે ઢગલાબંધ લોકલ, NRI પાત્રો. યુવતીઓને વિનામુલ્યે પસંદગીના પાત્રોના નંબર. કાન્તિભાઈ વિકાણી (નિવૃત બેંક મેનેજર) M- 9409057024

**સુરત રહેતી**
24 વર્ષની રાણા કાસ્ટની યુવતી માટે એજ્યુકેટેડ યુવક આવકાર્ય 9512318416

**નોકરી વિષયક**

**જોઈએ છે**
ડેટા એન્ટ્રી માટે લેડીઝ, માર્કેટીંગ સ્ટાફ, અનુભવી એકાઉન્ટન્ટ, હોજીવાલા ઈન્ડસ્ટ્રીઝ. 9687580001

**રિસેપ્શનીસ્ટ અને**
X-ray ટેકનીશ્યન જોઈએ છે. સંવેદના ચેરીટેબલ ટ્રસ્ટ, આઈમાતા ચોક, પરવત પાટીયા, સુરત. મો. 9909910902

**સ્ટીલ ફેબ્રિકેશન**
કામને લગતા તમામ કારીગરોની જરૂરિયાત છે. હોજીવાલા ઈન્ડસ્ટ્રીઝ Mo. 8488883099

**જોઈએ છે**
એમેઝોન, ફ્લીપકાર્ટ સંભાળી શકે તેવો અનુભવી સ્ટાફ (લેડીઝ) અડાજણ. 909-909-0770

**ઓફિસ સ્ટાફ**
જોઈએ છે ડેટા એન્ટ્રી માટે એકાઉન્ટન્ટ- ફુલ TIME, ઉંમર ૩૫ વર્ષ સુધી ૫૦૧- એ, ૨૧સ્ટ સેન્ચુરી બિઝનેસ્સ સેંટર, માન દરવાજા, રિંગરોડ, સુરત મોં- 9909916204

**સેલ્સમેન જોઈએ**
છે (ફર્નિચર લાઈનના અનુભવી) 9712624442 પગાર- 20,000/- TO 40,000/-.

**Female Teachers**
required for English Medium Primary Morning School at Parvat Patia 9909919489

**જોઈએ છે**
અમેરિકા સ્થાયી વેજિટેરિયન પ્રૌઢ કપલ માટે રસોઈ , ઘરકામ તથા સાર સંભાળ રાખી શકે તેવા યોગ્ય વિઝા ધરાવતા બહેનની સપ્ટેમ્બરથી જરૂર છે. Whatsapp મેસેજ કરોઃ +18135461610

**માણસ છોકરો**
જોઈએ અડાજણમાં સોડા શોપમાં સવારે 9:00 થી સાંજે 9:00 9377420421

**ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો**
**M. 9879663828**
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.